# ખંભાત નગરપાલિકા,ખંભાત
## એજન્ડા નોટીસ

તારીખ.૨૯–૧૦–૨૦૧૮ ને સોમવારના રોજ સાંજના ૪–૩૦ કલાકે મ્યુની. કાઉન્સીલ હોલમાં મળનાર જનરલ બોર્ડની રાબેતા મુજબની જનરલ સામાન્ય સભામાં કરવામાં આવનાર કામોનાં એજન્ડા.

(૧) ભારતના પૂર્વ વડાપ્રધાન ભારત રત્નશ્રી અટલબિહારી વાજપેયીનું તારીખ. ૧૬–૦૮–૨૦૧૮ના રોજ નિધન થયેલ તે અંગે શોક ઠરાવ.

(૨) તા.૩૦–૦૭–૨૦૧૮ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

(૩) નીચે જણાવેલ કર્મચારીઓ નિવૃત્ત થતાં હોવાથી તેઓને મળવા પાત્ર લાભો આપવા બાબત.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી વિદ્યાબેન કાંતીભાઈ બચુભાઈ | નિવૃત્ત તારીખ.૩૧–૧૦–૨૦૧૮ |
| (૨) | શ્રી કાંતીભાઈ ડાહયાભાઈ રોહીત | નિવૃત્ત તારીખ.૩૧–૧૦–૨૦૧૮ |
| (૩) | શ્રી હીરાબેન રમેશભાઈ ઝીણાભાઈ | નિવૃત્ત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ |
| (૪) | શ્રી શૈલેષકુમાર સનમુખલાલ શાહ | નિવૃત્ત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ |
| (૫) | શ્રી નિતાબેન મહેન્દ્રકુમાર બ્રહ્મભટ્ટ | નિવૃત્ત તારીખ.૩૧–૧૨–૨૦૧૮ |
| (૬) | શ્રી લીલાબેન લાલાભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૧–૧૨–૨૦૧૮ |

(૪) એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૯ તારીખ.૧૬–૦૮–૨૦૧૮થી એકઝી–કયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૨૫તારીખ.૨૦–૧૦–૨૦૧૮સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

(૫) ગુજરાત મ્યુની.એકટ ૧૯૬૩ની કલમ ૭૬(૨)પેરા નં.૨ મુજબ ખંભાત નગર પાલિકાના તારીખ.૦૧–૦૭–૨૦૧૮ થી તારીખ.૩૦–૦૯–૨૦૧૮ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવા બાબત.

આ ઉપરાંત ચેરમાંથી રજુ થાય તે બાબત.

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય

ખંભાત નગરપાલિકા. — પ્રમુખ,

તારીખ.૨૦ –૧૦–૨૦૧૮ — ખંભાત નગરપાલિકા,ખંભાત

નોધઃ– (૧) બોર્ડની મીટીંગમાં કરવાનાં કામોનાં કાગળો જોવા તથા વાંચવા સારું ઓફીસ ચાલુ હોય તે દિવસો અને રજાના દિવસો દરમ્યાન સવારના ૧૦–૦ થી ૧૨–૦ સુધી ઓફીસ ટેબલ ઉપર મુકવામાં આવેલ છે.

(૨) એજન્ડા પેપરમાં દાખલ કરેલ કામોને વ્યાખ્યા અગર સાર તરીકે ગણવાનાં નથી પરંતુ કામોના વિષયે સુચન છે.

(૩) એજન્ડાની તમામ આઈટમના ઠરાવો નગરપાલિકાની વેબસાઈટ ઉપર દરેકને જોવા મળશે અને નકલો પણ લઈ શકશો www.khambhatnagarpalika.in ઉપરની મેળવી શકશો.

# ખંભાત નગરપાલિકા, ખંભાત

આજ તારીખ.૨૯–૧૦–૨૦૧૮ને સોમવારના રોજ સાંજના ૪–૩૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીના સભાખંડમાં પ્રમુખશ્રી યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને રાબેતા મુજબની ખાસ સામાન્ય સભા મળી હતી પ્રારંભમાં ઉપસ્થિત સદસ્યશ્રીઓની હાજરી રજીસ્ટરમાં હાજરી લેતા નીચે મુજબના સદસ્યશ્રીઓ હાજરછે.

**હાજર સભ્ય શ્રીઓ.**

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય (લાલાભાઈ) | પ્રમુખશ્રી | હાજર |
| (૨) | શ્રી | શારદાબેન જીતેન્દ્ર રાણા | ઉપપ્રમુખશ્રી | હાજર |
| (૩) | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | સભ્યશ્રી | હાજર |
| (૪) | શ્રી | આરીફાબાનુ મોહંમદયુસુફ પાનારા | સભ્યશ્રી | હાજર |
| (૫) | શ્રી | નગિનભાઈ રતિલાલ મહીડા | સભ્યશ્રી | હાજર |
| (૬) | શ્રી | પ્રકાશભાઈ નટવરલાલ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૭) | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | સભ્યશ્રી | હાજર |
| (૮) | શ્રી | વસંતલાલ ચીમનલાલ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૯) | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | સભ્યશ્રી | હાજર |
| (૧૦) | શ્રી | મનીષાબેન દીપકભાઈ મીસ્ત્રી | સભ્યશ્રી | હાજર |
| (૧૧) | શ્રી | ધર્મેન્દ્રકુમાર તોગાભાઈ ભરવાડ (લાલાભાઈ) | સભ્યશ્રી | હાજર |
| (૧૨) | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા ઉર્ફે પ્રકાશ | સભ્યશ્રી | હાજર |
| (૧૩) | શ્રી | કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતિ | સભ્યશ્રી | હાજર |
| (૧૪) | શ્રી | ભારતીબેન રમેશચંદ્ર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૫) | શ્રી | મંજુલાબેન કિશોરભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૬) | શ્રી | શંકુતલાબેન બાબુભાઈ રાવળ | સભ્યશ્રી | હાજર |
| (૧૭) | શ્રી | મુકેશભાઈ શંકરભાઈ ભીલ | સભ્યશ્રી | હાજર |

| | | | | |
|---|---|---|---|---|
| (૧૮) | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર (રાજભા) | સભ્યશ્રી | હાજર |
| (૧૯) | શ્રી | ઝરીનાબાનુ અબ્દુલહબીબ શેખ | સભ્યશ્રી | હાજર |
| (૨૦) | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) | સભ્યશ્રી | હાજર |
| (૨૧) | શ્રી | મો.હનીફ અ.જમીલ શેખ | સભ્યશ્રી | હાજર |
| (૨૨) | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની (વકીલ) | સભ્યશ્રી | હાજર |
| (૨૩) | શ્રી | પરીમલબેન ભદ્રીકભાઈ શાહ | સભ્યશ્રી | હાજર |
| (૨૪) | શ્રી | શિલ્પાબેન રાજેશભાઈ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૨૫) | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) | સભ્યશ્રી | હાજર |
| (૨૬) | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) | સભ્યશ્રી | હાજર |
| (૨૭) | શ્રી | ગીતાબેન રાજુભાઈ ચુનારા | સભ્યશ્રી | હાજર |
| (૨૮) | શ્રી | મીનાબેન ગોવિંદભાઈ રબારી | સભ્યશ્રી | હાજર |
| (૨૯) | શ્રી | ઈશ્વરભાઈ મોતીભાઈ પરમાર | સભ્યશ્રી | હાજર |
| (૩૦) | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | સભ્યશ્રી | હાજર |
| (૩૧) | શ્રી | પિન્કીબેન કેતનકુમાર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૩૨) | શ્રી | સુમિત્રાબેન રણછોડભાઈ માછી | સભ્યશ્રી | હાજર |
| (૩૩) | શ્રી | રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા | સભ્યશ્રી | હાજર |
| (૩૪) | શ્રી | અશોકભાઈ રતીલાલ ખલાસી | સભ્યશ્રી | હાજર |

નીચે મુજબના સદસ્યશ્રીઓ પ્રમુખશ્રીને રજા રીપોર્ટ આપી ગેરહાજર રહેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | મનિષાબેન મનોજભાઈ વાઘરી | સભ્યશ્રી | ગેરહાજર |
| (૨) | શ્રી | કૌશીકભાઈ પ્રભુલાલ રાવ | સભ્યશ્રી | ગેરહાજર |

હાજરી લીધા બાદ સભાનું કોરમ પુરૂ થયું હોઈ પ્રમુખશ્રી તરફથી તમામ સદસ્યશ્રીઓને આવકારીને સભાનું કામ કાજ શરૂ કર્યુ.

એજન્ડા ક્રમાંક.૧ તારીખ.૨૯–૧૦–૨૦૧૮

ભારતના પૂર્વ વડાપ્રધાન ભારત રત્નશ્રી અટલબિહારી વાજપેયીનું તારીખ. ૧૬–૦૮–૨૦૧૮ના રોજ નિધન થયેલ તે અંગે શોક ઠરાવ.

**જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૩૬**

**તારીખ.૨૯–૧૦–૨૦૧૮**

**શોક પ્રસ્તાવ**

ખંભાત નગરપાલિકા,ખંભાત ભારતના પૂર્વ વડાપ્રધાન, બહુઆયામી વ્યકિતત્વના સ્વામી, ભારતરત્નશ્રી અટલબિહારી વાજપેયીનું તારીખ.૧૬–૦૮–૨૦૧૮ના રોજ નિધન પર ઊંડો શોક વ્યકત કરે છે. દેશના સવાસો કરોડથી વધુ લોકોના પ્રિય શ્રી અટલબિહારી વાજપેયી, આપણા 'અટલજી'ના નિધનથી દેશને પૂરી ન શકાય તેવી ખોટ પડી છે.

૨૫ ડીસેમ્બર, ૧૯૨૪ ના રોજ ગ્વાલિયર, મધ્યપ્રદેશમાં શ્રીમતી ક્રિષ્ણાદેવી તથા શ્રી કૃષ્ણ વાજપેયીને ત્યાં અટલબિહારીજીનો જન્મ થયો હતો. અટલજીએ એમનું શિક્ષણ ગ્વાલિયર અને કાનપુરમાં લીધું હતું. અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેઓ પત્રકારત્વ ક્ષેત્ર સાથે જોડાયા અને 'રાષ્ટધર્મ', 'પાંચજન્ય' અને 'વીર અર્જુન' જેવા સમાચાર પત્રોનું સંપાદન પણ કર્યુ. 'આર્યસમાજ' અને 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'ના સંપર્કમાં આવ્યા પછી તેમણે રાજનૈતિક જીવનમાં પ્રવેશ કર્યો. ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લઈને 'ભારત છોડો' આંદોલન દરમ્યાન જેલવાસ પણ ભોગવ્યો. તેઓ ભારતીય જનસંઘ અને પછી ભારતીય જનતા પાર્ટીના સંસ્થાપક અધ્યક્ષ બન્યા હતા. સંસદીય દળના નેતા અને પછી વડાપ્રધાન તરીકે તેમણે પોતાનું અવિસ્મરણીય યોગદાન આપ્યું હતું.

શ્રી વાજપેયી લોકસભામાં દસ વાર તથા રાજય સભામાં બે વાર ચુંટાયા હતા. તેમણે વર્ષ ૧૯૭૫ થી ૧૯૭૭ સુધી દેશમાં લદાયેલી કટોકટનો પ્રબળ વિરોધ કર્યા જેના પરિણામ સ્વરૂપે તેમને જેલની યાતનાઓ સહેવી પડી. લાંબા સમય સુધી સંસદમાં વિરોધ પક્ષના નેતા રહયા બાદ મે.૧૯૯૬ માં તેઓ પહેલીવાર વડાપ્રધાન બન્યા. વર્ષ ૧૯૯૮–૯૯માં બીજી વાર અને વર્ષ ૧૯૯૯ થી ૨૦૦૪ સુધી તેમણે વડાપ્રધાન પદને શોભાવ્યું.

લોકનાયક અને યુગપુરૂષ શ્રી અટલબિહારી વાજપેયી મન, વચન અને કર્મથી રાષ્ટ્રને પ્રતિ સંપૂર્ણ સમર્પિત નેતા હતા. રાજનીતિમાં તેમના કોઈ વિરોધી નહોતા. દેશ અને વિદેશમાં, તેમના પોતાના પક્ષ તેમજ વિરોધ પક્ષમાં પણ બધા તેમની પ્રતિભાના ચાહક હતા. જેનો અર્થ એ થયો કે અટલજી અજાતશત્રુ હતા. તેમની જીભે સાક્ષાત સરસ્વતી બિરાજમાન હતી. તેમની વકતૃત્વ શૈલીને કારણે તેમણે લોકોના દિલ પર રાજ કર્યુ.

દેશના સાર્વજનિક જીવન પર તેમણે પોતાના વ્યકિતત્વ અને કર્તુત્વ ધ્વારા અમીટ છાપ છોડી છે. તેમના વિરાટ વ્યકિતત્વમાં દેશના કેટલાય દશકોનો ઈતિહાસ સમાયેલો છે.

શ્રી વાજપેયી એક પરિપકવ રાજનીતિજ્ઞ, કુશળ પ્રશાંસક, સંવદનશીલ કવિ અને સાહિત્ય–કાર હોવાની સાથે–સાથે એક શ્રેષ્ઠ મનુષ્ય પણ હતા. ભૂખ, ભય, નિરક્ષરતા અને અભાવથી મુકત ભારતના નિર્માણ માટે સમર્પિત તેમની કવિતાઓ ઘણી લોકપ્રિય છે. તેમની માનવીય સંવેદનાઓ એ એક સંવેદનશીલ રાજનેતાના રૂપમાં તેમને વિશ્વપટલ પર સ્થાપિત કર્યા. વૈશ્વિક મંચ પર તેમની ભૂમિકાને આજે પણ યાદ કરવામાં આવે છે.તેઓ ભારતના રાજનેતા હતા પરંતુ તેમની લોકપ્રિયતા આખી દુનિયામાં હતી.

પહેલા સંસદસભ્ય, પછી વિદેશમંત્રી અને પછી વડાપ્રધાનના રૂપમાં તેમણે ભારતની વિદેશનીતિને નવી દિશા આપી. આખી દુનિયામાં વિશ્વબંધુત્વ, પરસ્પર સમાનતા અને – વિશ્વ શાંતિ માટે તેમના ધ્વારા કરવામાં આવેલા પ્રયત્નોને સદા યાદ રાખવામાં આવશે. ભારતના વિદેશમંત્રીના રૂપમાં સંયુકત રાષ્ટ્ર સંઘમાં પહેલીવાર હિન્દીમાં વકતત્ય આપીને તેમણે હિન્દી ભાષાને આંતરરાષ્ટ્રીય સ્તર પર વધુ પ્રચલિત કરી.

સફળ પરમાણુ પરીક્ષણ અને કારગીલ યુધ્ધના સમય દરમ્યાન તેમની દઢ સંકલ્પ શકિતએ ભારતને આખી દુનિયામાં અગ્રણી રાષ્ટ્રોની પંકિતમાં લાવીને સામેલ કરી દીધું. ભારતના પડોશી દેશો સાથે મધુર અને શાંતિપૂર્ણ સંબંધો સ્થાપિત કરવાના પ્રયત્નોમાં તે સતત પ્રયત્નશીલ રહયા છતાં, હંમેશા ભારતના હિતને સર્વોપરી રાખ્યું હતું. આ દિશામાં લાહોર બસ યાત્રા અને આગ્રા શિખર સંમેલન મહત્વપૂર્ણ પહેલ કહી શકાય.

વડાપ્રધાન તરીકેનો તેમનો કાર્યકાળ પ્રગતિ અને વિકાસના નવા કીર્તિમાન સ્થાપિત કરવા માટે સદા યાદ કરવામાં આવશે. સ્વર્ણિમ ચતુર્ભુજ રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજન, વડાપ્રધાન ગ્રામ સડક યોજના,ટેલિકોમ સંપર્કતા,ઈન્ફર્મેશન ટેકનોલોજી તથા ઉર્જા સેકટરમાં અનેક યોજનાઓનો સફળ પ્રારંભ તેમની કેટલીક ઉલ્લેખનીય પહેલ હતી.

અટલજીના કાર્યકાળ દરમ્યાન ત્રણ નવા રાજયો–છત્તીસગઢ, ઝારખંડ અને ઉત્તરા–ખંડની રચના થઈ. પહાડી અને આદિવાસી ક્ષેત્રોના લોકોની આશાઓ–આકાંક્ષાઓને પૂરા કરવાની દિશામાં આ એક મોટો નિર્ણય હતો.

અટલબિહારી વાજપેયી પ્રખર અને ઓજસ્વી વકતા હોવાની સાથે સાથે વિશાળ હૃદયવાળા વ્યકિત હતા. તેમની સંવેદનાઓ તેમના રાજનૈતિક જીવનમાં પણ પ્રગટ થતી રહી જયારે તેઓ વિપક્ષમાં હતા ત્યારે પણ સરકારના લોકહિતના કાર્યોની પ્રશંસા કરવામાં કદી પણ સંકોસ નહોતા કરતાં. તેમનો વિરોધ પણ રચનાત્મક રહેતો હતો. તેમના આ જ સદગુણો એ તેમને પક્ષાપક્ષીની સીમાઓથી બહાર એક સર્વપ્રિય રાજનેતાના રૂપમાં સ્થાપિત કર્યા હતા.

તેમણે જીવનભર સંસદીય પરંપરાઓનું પાલન કરીને ભારતના સંસદીય લોકતંત્રને નવા આયામો આપીને સમુધ્ધ કર્યુ. પંડિત દીનદયાલ ઉપાધ્યાયે તેમનામાં ભારતનું ભવિષ્ય જોયું હતું. પંડિત જવાહરલાલ નહેરૂએ પણ તેમની પ્રતિભાને ઓળખીને કહયું હતું કે,

'એક દિવસ તેઓ ભારતનું નેતૃત્વ કરશે'. ડો.રામ મનોહર લોહિયા તેમના હિન્દીપ્રેમના પ્રશંસક હતા. પૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખર સંસદમાં તેમને 'ગુરૂદેવ' કહીને સંબોધતા હતા. શ્રી અટલબિહારી વાજપેયીને સર્વશ્રેષ્ઠ સાંસદના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

શ્રી વાજપેયી માટે દેશહિત સર્વોપરી હતું. આનો પ્રત્યક્ષ પુરાવો ત્યારે મળ્યો જયારે વર્ષ ૧૯૯૩માં વિપક્ષના નેતા હોવા છતાં સંયુકત રાષ્ટ્ર સંધની માનવાધિકાર આયોગની બેઠકમાં ભારતીય પ્રતિનિતિધમંડળનું નેતૃત્વ કરવાનો સરકારનો પ્રસ્તાવ માન્ય રાખ્યો અને જીનિવામાં થયેલી આયોગની બેઠકમાં તેમણે ભારતના પક્ષને ખૂબ પ્રભાવી રૂપથી રજુ કર્યો.

તેમના નિધનથી કેવળ ભારત ને જ નહીં સમગ્ર વિશ્વને એક દૂરદર્શી, પરિપકવ, સંવેદનશીલ, વિશાળહૃદયી અને દૃઢસંકલ્પ નેતાની ખોટ પડી છે. તેમણે ચીંધેલા માર્ગ પર ચાલીને ભારતને એક મહાન રાષ્ટ્ર બનાવવાના તેમના સંકલ્પને પૂરા કરવામાં આપણે – સહભાગી બનીશું.

<u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u> શ્રી અટલબિહારી વાજપેયીના દુ:ખદ નિધન પર ઉંડો શોક વ્યકત કરે છે અને તેમના શોકાકુળ પરિવાર પ્રત્યે પોતાની હર્દિક સંવેદનાઓ વ્યકત કરે છે.

ભારતના પૂર્વ વડાપ્રધાન ભારત રત્નશ્રી અટલબિહારી વાજપેયીનું તારીખ. ૧૬–૦૮–૨૦૧૮ના રોજ નિધન થયેલ તે અંગે શોક ઠરાવ મંજુર અને તેઓના – પરિવારજનો ને મોકલવા ઠરાવવામાં આવે છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## શોક ઠરાવ
## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૩૭
## તારીખ.૨૯–૧૦–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના માજી સભ્યશ્રી ભદ્રીકકુમાર ભીખાભાઈ શાહ તારીખ.૧૩–૦૯–૨૦૧૮ના રોજ તેઓનુ અવસાન થયેલ છે તેઓ ખંભાત નગરપાલિકામાં સને. ૨૦૦૦ થી ૨૦૦૯ સુધી સભ્યશ્રી રહેલ છે આજની સભા ઘેરા શોકની લાગણી અનુભવે છે તેઓના અવસાનથી તેઓના પરિવારજનો તથા તેમના સ્નેહીજનો ઉપર આવી પડેલ ખોટ સહન કરવાની શકિત આપે અને પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચીર શાંતી અર્પે એજ અભ્યર્થના.

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના માજી સભ્યશ્રી જયંતીલાલ ગીરધરલાલ રાણા તારીખ.૧૧–૧૦–૨૦૧૮ના રોજ તેઓનુ અવસાન થયેલ છે તેઓ ખંભાત નગરપાલિકામાં સને.૧૯૯૫ થી ૧૯૯૯ સુધી સભ્યશ્રી રહેલ છે આજની સભા ઘેરા શોકની લાગણી અનુભવે છે તેઓના અવસાનથી તેઓના પરિવારજનો તથા તેમના સ્નેહીજનો ઉપર આવી પડેલ ખોટ સહન કરવાની શકિત આપે અને પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચીર શાંતી અર્પે એજ અભ્યર્થના.

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના માજી સભ્યશ્રી રશ્મિકાબેન કાંતીલાલ શાહ(લોખંડવાળા) તારીખ.૦૩–૧૦–૨૦૧૮ના રોજ તેઓનું અવસાન થયેલ છે તેઓ ખંભાત નગરપાલિકામાં સને.૧૯૭૩ થી ૧૯૭૯ સુધી સભ્યશ્રી રહેલ છે આજની સભા ઘેરા શોકની લાગણી અનુભવે છે તેઓના અવસાનથી તેઓના પરિવારજનો તથા તેમના સ્નેહીજનો ઉપર આવી પડેલ ખોટ સહન કરવાની શકિત આપે અને પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચીર શાંતી અર્પે એજ અભ્યર્થના.

આજની સભા સદગતના આત્માની શાંતિ અર્થે બે મીનીટ મોન પાળી સદગતને અંતઃકરણ પુર્વક શ્રધ્ધાંજલી અર્પણ કરે છે અને તે અંગેનો શોક ઠરાવ મંજુર અને તેઓના પરિવારજનોને મોકલવા ઠરાવવામાં આવ છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૨ તારીખ.૨૯–૧૦–૨૦૧૮

તા. ૩૦–૦૭–૨૦૧૮ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

<u>જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૩૮ તારીખ.૨૯–૧૦–૨૦૧૮</u>

એજન્ડા ક્રમાંક : ૨ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી અશોકભાઈ આર. ખલાસી તરફથી અને સદસ્યશ્રી નગીનભાઈ આર મહીડા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

તા. ૩૦–૦૭–૨૦૧૮ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી મો. હનીફ અ. જમીલ શેખ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે વિરોધ સદસ્યશ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર ના ટેકાથી રજુઆત થયેલ તે મુજબ ઠરાવોનો વિરોધ વ્યકત કરેલ છે.

આમ ઉપરોકત મુળ ઠરાવ સામે સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ કરવામાં આવેલ છે પરતું નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩૨ મુજબ મુળ – પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થીત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૩ તારીખ.૨૯–૧૦–૨૦૧૮

નીચે જણાવેલ કર્મચારીઓ નિવૃત્ત થતાં હોવાથી તેઓને મળવા પાત્ર લાભો આપવા બાબત.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી વિદ્યાબેન કાંતીભાઈ બચુભાઈ | નિવૃત્ત તારીખ.૩૧–૧૦–૨૦૧૮ |
| (૨) | શ્રી કાંતીભાઈ ડાહયાભાઈ રોહીત | નિવૃત્ત તારીખ.૩૧–૧૦–૨૦૧૮ |
| (૩) | શ્રી હીરાબેન રમેશભાઈ ઝીણાભાઈ | નિવૃત્ત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ |
| (૪) | શ્રી શૈલેષકુમાર સનમુખલાલ શાહ | નિવૃત્ત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ |
| (૫) | શ્રી નિતાબેન મહેન્દ્રકુમાર બ્રહ્મભટ્ટ | નિવૃત્ત તારીખ.૩૧–૧૨–૨૦૧૮ |
| (૬) | શ્રી લીલાબેન લાલાભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૧–૧૨–૨૦૧૮ |
| (૭) | શ્રી ભીખાભાઈ ફુલાભાઈ રબારી | નિવૃત્ત તારીખ.૩૧–૧૨–૨૦૧૮ |

<u>જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૩૯ તારીખ.૨૯–૧૦–૨૦૧૮</u>

એજન્ડા ક્રમાંક : ૩ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી પિન્કીબેન કે. રાણા તરફથી અને સદસ્યશ્રી નિશાદબાનુ એસ.મનસુરી ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તા.૨૯–૧૦–૨૦૧૮ના ખંભાત નગરપાલિકાની મળેલ સામાન્ય સભા ઠરાવે છે  કે નીચે જણાવેલ કર્મચારી વય મર્યાદાના કારણે નિવૃત્ત/અવસાન થતાં હોવાથી તેઓને ખંભાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭૧ તળેના મંજુર થયેલા નિયમો નિયમો પ્રકરણ–૧૮ ના નિયમ ૧, ૨, અને ૪ના પેટા નિયમો મુજબ પેન્શન, ગ્રેજયુઈટી અને વળતર ભથ્થાના નિયમો મુજબના લાભો નિવૃત્તિ / અવસાન બાદના આપવા મંજુર કરવામાં આવે છે. વધુમાં પેન્શન મેળવનાર કર્મચારી પાસે પોતાનું પેઢીનામું તેમજ રજુ કરેલ તમામ પેપર્સ ખરા છે તેવું સ્ટેમ્પ પેપર ઉપર સોગદનામું મેળવી રજુ કર્યા બાદ તમામ પેપર્સ અને ફોર્મ ભરીને એકઝીકયુટીવ કમીટી સમક્ષ રજુ કર્યા બાદ પેન્શન ચુકવણી કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી વિદ્યાબેન કાંતીભાઈ બચુભાઈ | નિવૃત્ત તારીખ.૩૧–૧૦–૨૦૧૮ |
| (૨) | શ્રી કાંતીભાઈ ડાહયાભાઈ રોહીત | નિવૃત્ત તારીખ.૩૧–૧૦–૨૦૧૮ |
| (૩) | શ્રી હીરાબેન રમેશભાઈ ઝીણાભાઈ | નિવૃત્ત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ |
| (૪) | શ્રી શૈલેષકુમાર સનમુખલાલ શાહ | નિવૃત્ત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ |
| (૫) | શ્રી નિતાબેન મહેન્દ્રકુમાર બ્રહ્મભટ્ટ | નિવૃત્ત તારીખ.૩૧–૧૨–૨૦૧૮ |
| (૬) | શ્રી લીલાબેન લાલાભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૧–૧૨–૨૦૧૮ |
| (૭) | શ્રી ભીખાભાઈ ફુલાભાઈ રબારી | નિવૃત્ત તારીખ.૩૧–૧૨–૨૦૧૮ |

"સર્વાનુમતે મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૪ તારીખ.૨૯–૧૦–૨૦૧૮

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૯ તારીખ.૧૬–૦૮–૨૦૧૮થી એકઝી–કયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૨૫તારીખ.૨૦–૧૦–૨૦૧૮સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૪૦ તારીખ.૨૯–૧૦–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૪ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી શંકુતલાબેન બી. રાવળ તરફથી અને સદસ્યશ્રી રાજેશભાઈ જી. રાણા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૯ તારીખ.૧૬–૦૮–૨૦૧૮થી એકઝી–કયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૨૫ તારીખ.૨૦–૧૦–૨૦૧૮સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી મો. હનીફ અ. જમીલ શેખ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે વિરોધ સદસ્યશ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર ના ટેકાથી રજુઆત થયેલ તે મુજબ ઠરાવોનો વિરોધ વ્યકત કરેલ છે.

આમ ઉપરોકત મુળ ઠરાવ સામે સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ કરવામાં આવેલ છે પરતું નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩૨ મુજબ મુળ – પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થીત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૫ તારીખ.૨૯–૧૦–૨૦૧૮

ગુજરાત મ્યુની.એકટ ૧૯૬૩ની કલમ ૭૬(૨)પેરા નં.૨ મુજબ ખંભાત નગર–પાલિકાના તારીખ.૦૧–૦૭–૨૦૧૮ થી તારીખ.૩૦–૦૯–૨૦૧૮ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૪૧ તારીખ.૨૯–૧૦–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૫ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી રાજેશભાઈ જી રાણા તરફથી અને સદસ્યશ્રી ઉષાબેન પી. બારૈયા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

ગુજરાત મ્યુની. એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) પેરા નંબર. ૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ. ૦૧–૦૭–૨૦૧૮ થી તારીખ. ૩૦–૦૯–૨૦૧૮ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવામાં આવે છે.

તારીખ.૦૧–૦૭–૨૦૧૮ થી તારીખ.૩૦–૦૯–૨૦૧૮ સુધીના હિસાબો

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧–૦૭–૨૦૧૮ની ઉઘડતી સિલક | ૧૧૮૧૬૭૩૭૯.૮૯ |
| ૨ | તા.૦૧–૦૭–૨૦૧૮ થી ૩૦–૦૯–૨૦૧૮સુધીની કુલ આવક | ૬૯૬૪૩૮૨૪.૦૦ |
| ૩ | તા.૦૧–૦૭–૨૦૧૮ થી ૩૦–૦૯–૨૦૧૮સુધીની કુલ જાવક | ૧૦૮૪૨૬૫૩૪.૦૦ |
| ૪ | તા.૩૦–૦૯–૨૦૧૮ ની બંધ સિલક | ૭૯૩૮૪૬૬૯.૮૯ |

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રીમો.હનીફ અ.જમીલ શેખ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે વિરોધ સદસ્યશ્રી ભારતીબેન આર રાણા ના ટેકાથી રજુઆત થયેલ તે મુજબ ઠરાવોનો વિરોધ વ્યકત કરેલ છે.

આમ ઉપરોકત મુળ ઠરાવ સામે સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ કરવામાં આવેલ છે પરતું નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩૨ મુજબ મુળ – પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થીત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

ચેર આઈટમ નંબર.૧

## ખંભાત નગરપાલિકા, ખંભાત

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૪૨

## તારીખ.૨૯–૧૦–૨૦૧૮

મોજે ખંભાત તા.ખંભાતના સીટી સર્વે નંબર.૧/૫૩૯, ૧/૫૪૦, તથા ૧/૫૪૨ વાળી જમીન અરજદારના નિવાસ સ્થાન નજીકમાં આવેલ છે તે જમીનમાં અરજદારશ્રી ઈમરાનખાન મયુદ્દીનખાન  પઠાણ રહેવાસી બાંદરા બુરજના ઓ એ રહેણાંક હેતુ માટે ખંભાત નગરપાલિકા સમક્ષ તારીખ.૦૧–૦૫–૨૦૧૮ના રોજ પાવતી નંબર. ૫૦૨, ૫૦૩, તથા ૫૦૪ની અરજીથી રજુઆત કરેલ છે તેઓ આ જમીનનો ઉપયોગ જીલ્લા કલેકટરશ્રીની પુર્વ મંજુરી મેળવીને આગળની કાર્યવાહી કરવાની રહે તે શરતે તેઓને જમીન રહેણાંક હેતુ માટે ફાળવવામાં આવે તો ખંભાત નગરપાલિકાને વાંધો વિરોધ નથી તથા નગરપાલિકા તેઓને તે જમીન ફાળવવામાં આવે તેમાં વાધો વિરોધ નથી તે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત